રાજયની સરકારી કોલેજો,
યુનિવર્સિટીઓ તેમજ યુનિવર્સિટી
સંલગ્ન બિન સરકારી અનુદાનિત
કોલેજોના શિક્ષકોને છઠા પગાર પંચ
મુજબ એરીયર્સની રકમ ચુકવવા
બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૨૦૦૯/૩૭૩૪/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૪-૩-૨૦૧૪

<u>વંચાણે લીધા-</u>

૧. શિક્ષણ વિભાગના તા.૩/૧૦/૨૦૧૨ નો સમાનાંકી ઠરાવ
૨. ભારત સરકારના તા.૨૪-૨-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ ૧-૨૯/૨૦૦૯-U.II

**<u>પ્રસ્તાવના –</u>**

રાજયની સરકારી કોલેજો, યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોના શિક્ષકો અને ગ્રંથપાલ/ શારીરિક શિક્ષણના શિક્ષકોને વંચાણે લીધેલ વિભાગના ક્રમાંકઃ (૧) ના ઠરાવથી તે ઠરાવમાં ઉલ્લેખિત શરતોને આધિન રાજ્ય સરકારે ચૂકવવાની થતી ૨૦% પગાર તફાવતના એરીયર્સની રકમ ચૂકવવામાં આવેલ. રાજ્યની યુનિવર્સિટી તથા કોલેજોના અધ્યાપકોને ભારત સરકાર તરફથી સત્વરે રકમ ચૂકવાય તે માટે રાજ્ય સરકારે પ્રયાસો કરતાં ભારત સરકારે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી અધ્યાપકોના કેસમાં તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૩-૨૦૧૦ સુધી પગાર તફાવતની રકમના એરીયર્સના રૂ.૪૫૫.૩૧૨૨ કરોડના રાજ્ય સરકારના ક્લેઇમ(દાવા)નો સ્વીકાર કરેલ છે. પરંતુ હાલ તુરંત ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને કોઇ નાણાકીય ફાળવણી આ હેતુ માટે કરેલ નથી. આમ છતાં અધ્યાપકોને ઘણા લાંબા સમયથી એરીયર્સ મળેલ ન હોઇ તે ધ્યાને લેતાં રાજ્ય સરકારના કર્મચારીઓને જે રીતે પગાર તફાવતની રકમ પાંચ હપ્તામાં ચૂકવાયેલ છે તે મુજબ પ્રથમ હપ્તો ૨૦% લેખે રાજ્ય સરકારે તા.૩-૧૦-૨૦૧૨ ના રોજ ચૂકવ્યા બાદ ભારત સરકાર તરફથી ભવિષ્યમાં રકમ મળશે તેને લક્ષમાં લઇ હાલ રાજ્ય સરકાર દ્વારા બીજા હપ્તા પેટે ૨૦% રકમ ચૂકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

પુખ્ત વિચારણાને અંતે રાજયની સરકારી કોલેજો, યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન બિન સરકારી અનુદાનિત કોલેજોના શિક્ષકો/ગ્રંથપાલ/શારીરિક શિક્ષણના શિક્ષકોને રાજય સરકારે યુજીસીના ધોરણે પગાર ધોરણ સ્વીકારેલ હોવાથી અને ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૨૪-૨-૨૦૧૪ ના પત્રની વિગતો ધ્યાનમાં લઇને બીજા હપ્તા પેટે ૨૦% એરીયર્સની રકમ માર્ચ-૨૦૧૪ મહિનાનો પગાર જે એપ્રીલ-૨૦૧૪ મહિનામાં ચુકવવાનો થશે તેની સાથે ચુકવવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

૨. વિભાગના તા.૩-૧૦-૨૦૧૨ ના સમાનાંકી ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪-૩-૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.આર.કોઠારી)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નામ. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના રહસ્ય સચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, આઇ.ટી. પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ. //- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.